નવરાત્રી ઉત્સવની પરંપરાગત રીતે શરૂઆત

અમદાવાદ, તા.૧૦

અમદાવાદ સહિત ગુજરાતમાં નવરાત્રિ ઉત્સવની આજે પરંપરાગતરીતે શરૂઆત થઈ હતી. હવે નવ દિવસ સુધી નવરાત્રિ ઉત્સવની ધૂમ રહેશે. અમદાવાદમાં મુખ્ય કાર્યક્રમ જીએમડીસી ખાતે આયોજિત કરવામાં આવ્યું છે. આજે સાંજે ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણીએ નવરાત્રિ મહોત્સવની શરૂઆત કરાવી હતી. આ પ્રસંગે ગુજરાત કેબિનેટના અનેક પ્રધાનો પણ ઉપસ્થિત રહ્યા હતા. વિજય રૂપાણી પ્રથમ દિવસે આરતી કરીને આની શરૂઆત કરાવી હતી. ઉદ્ઘાટન પ્રસંગે નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ અને ગુજરાત કેબિનેટના અન્ય પ્રધાનો ઉપસ્થિત રહ્યા હતા. આ વખતે છત્તીસગઢથી પણ અહીં કલાકારો પહોંચ્યા છે. નવરાત્રિ ઉત્સવની શરૂઆત થયા બાદ હવે દરરોજ રાત્રે નવ કલાકથી મધ્યરાત્રિ સુધી શેરી ગરબા પણ યોજાશે. આ વર્ષે થીમ પેવેલિયનમાં રાજ્યના વિવિધ આકર્ષણો પ્રદર્શિત કરાયા છે. ઉપરાંત છત્તીસગઢથી કાફ્ટ સ્ટોલ અને ફુડ સ્ટોલની વ્યવસ્થા કરાઈ છે. ૭૫ જેટલા કાફ્ટ સ્ટોલ મુકાયા છે. રાત્રે ૧૧.૪૫ વાગે મહાઆરતીનું આયોજન કરવામાં આવ્યું છે. ૨૦૧૭માં નવરાત્રિ ઉત્સવમાં ભાગ લેનારની સંખ્યા વધીને ૬.૫૦ લાખ સુધી પહોંચી હતી. અદાવાદના વાયએમસીએ ખાતે પણ રઢિયાળી રાત નવરાત્રિ ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં જુદા જુદા આકર્ષણો ઉમેરવામાં આવ્યા છે. દરરોજ જાણીતા ઓરકેસ્ટ્રા વિશેષ ટેલેન્ટ સાથે સ્ટેજ ઉપર લાઈવ પરફોર્મ કરનાર છે. કલ્ચરલ ગ્રુપ, પ્રોફેશનલ ગરબા ગ્રુપ, ટ્રેડિશનલ ડાન્સરો દરરોજ પરફોર્મ કરનાર છે. સંપૂર્ણપણે સુવિધાજનક પાર્કિંગની પણ વ્યવસ્થા કરાઈ છે. અમદાવાદ શહેરની તમામ મોટી સોસાયટીઓ અને મોટા વિસ્તારમાં સાર્વજનિક નવરાત્રી કાર્યક્રમોનું આયોજન પણ કરવામાં આવ્યું છે. આ વખતે મોટાપાયે ચકાસણીની પ્રક્રિયા પણ હાથ ધરવામાં આવી છે. નવરાત્રી ઉત્સવને શાંતિપૂર્ણ રીતે પાર પાડવા માટે વિશેષ આયોજન પોલીસ દ્વારા પણ કરવામાં આવ્યું છે. દર વર્ષની જેમ જ આ વર્ષે પણ મુખ્ય કાર્યક્રમ જીએમડીસી ગ્રાઉન્ડ ઉપર કરવામાં આવ્યું છે. આજે જીએમડીસી ગ્રાઉન્ડ પર નવરાત્રિ ઉત્સવની મોડી સાંજે પરંપરાગત રીતે શરૂઆત કરવામાં આવી હતી. જીએમડીસી ગ્રાઉન્ડ ખાતે જુદા-જુદા આકર્ષણો રાખવામાં આવ્યા છે. આજે સાંજે મુખ્ય કાર્યક્રમની શરૂઆત થઈ ગઈ હતી. ગુજરાત યુનિવર્સિટી ગ્રાઉન્ડ નજીક હેલ્મેટ સર્કલ ખાતે આ કાર્યક્રમની વિધિવત શરૂઆત કરાઈ હતી. આજથી શરૂ થયેલા નવરાત્રી ઉત્સવ દરમિયાન ખેલૈયાઓ ઉપર પણ ડ્રોન દ્વારા ચાંપતી નજર રાખવામાં આવશે. શહેર પોલીસ નવરાત્રી ઉત્સવને શાંતિપૂર્ણ રીતે પાર પાડવા સંપૂર્ણ રીતે તૈયાર છે. વસ્ત્રાપુર જીએમડીસી ગ્રાઉન્ડ ખાતે દર વર્ષે નવરાત્રી મહોત્સવનો કાર્યક્રમ થાય છે ગ્રાઉન્ડ પર નાઈટ વિઝનના સીસીટીવી કેમેરા લગાડવામાં આવ્યા છે. પોલીસ ખાનગી ડ્રેસમાં તૈનાત રહેશે. નવરાત્રી ઉત્સવની રાજ્યભરમાં આજે પરંપરાગત રીતે શરૂઆત થઈ હતી. નવરાત્રી ઉત્સવની નવ દિવસ સુધી ધૂમ રહેનાર છે. અમદાવાદીઓ હાલમાં જોરદાર ખરીદીના મૂડમાં દેખાઈ રહ્યા છે. મોટાભાગના ગરબા આયોજકો દ્વારા પણ શાનદાર તૈયારી કરી લેવામાં આવી છે. આજે નવરાત્રિ ઉત્સવની શરૂઆત થયા બાદ હવે નવ દિવસ સુધી નવરાત્રીની ધૂમ રહેશે. યુવક-યુવતિઓ માટે આ પ્રસંગ સૌથી મોટા પ્રસંગ તરીકે હંમેશા રહે છે.

'પરણ્યા એટલે પ્યારા લાડી... ચાલો આપણે ઘેર રે...'' સમયાંતરે લાડીને વળાવવાની વેળાએ આ ગીત સાંભળવા મળતુ હોય... જે સાથે લાડી વિદાય લે... દિવાળી આવે એટલે વેપારીઓ દુકાન-ગોડાઉન અને ગૃહિણીઓ મકાન વગેરેની સફાઈ કરી વધારાના 'ડબલા-ડૂબલી' ભંગારમાં આપી દે... જથ્થાબંધ ભેગાં થતાં તે વેપારી તેઓને મુશ્કેટાટ બાંધીને વળાવવા જાય... આ સીન ક્યારેક જોવો ગમે તેવો હોય છે... એવું નથી લાગતુ કે, તેવા સમયે દોરડે બંધાયેલા અને બે માળ ઊંચી ઈમારત જેવા લાગતા ડબલા-ડુબલી પણ તેઓની આ વિદાયને કણસતી હાલતમાં ભોગવતા હશે..., પથ્થરની મૂર્તિમાં વાચા નથી હોતી પણ, આભાસી વાચા જરૂર હોય છે. તેવુ જ કંઈક આ ડબલા ડુબલીની હાલત જોતાં લાગે છે.

કડવા પાટીદારોના કુળદેવી શ્રી ઉમિયા માતાજી મંદિર ઊંઝાના મા ઉમિયા ફાઉન્ડએશન દ્વારા માના દિવ્યરથનું સવારના સમયે નિજ મંદિરેથી જય મા ઉમિયાના જયઘોષ સાથે વિશ્વ પરિભ્રમણ અર્થે અમદાવાદ જાસપુર તરફ પ્રસ્થાન થયુ હતુ. બાઈકો અને મોટરકારોના કાફલા સાથે નીકળેલ દિવ્યરથનું માર્ગમાં ઉનાવા અને મહેસાણા ખાતે પાટીદાર સમાજના ભાઈ બહેનો સહિત અન્ય ભાવિકજનોએ સ્વાગત કરી માતાજીના જ્યોતના દર્શન કીર ધન્યતા અનુભવી હતી. આ દિવ્ય રથ અમદાવાદ પહોંચ્યા બાદ સમ્ર વિશ્વમાં પરિભ્રમણ અર્થે પ્રસ્થાન થશે. ઊંઝાથી દિવ્યરથના પ્રસ્થાન પૂર્વે વિશ્વ ઉમિયાધામ માટે ઉદાર દેણગી આપનાર દાતાઓનું જાહેર અભિવાદન કરવામાં આવ્યું હતું.

પાલનપુર નગરપાલિકા કોંગ્રેસના બે સદસ્યો છ વર્ષ માટે સસ્પેન્ડ

પાલનપુર નગરપાલિકામાં કોંગ્રેસમાંથી ચૂંટાયેલા બે મહિલા સદસ્યોને પક્ષ દ્વારા છ વર્ષ માટે સસ્પેન્ડ કરવામાં આવતાં ચકચાર મચી જવા પામી છે. પ્રમુખ- ઉપપ્રમુખની ચૂંટણીમાં ગેરહાજર રહી પક્ષના આદેશ વિરૂધ્ધ વર્તન કરતાં આ નિર્ણય લેવામાં આવતા કોંગી સદસ્યોમાં ચકચાર મચી જવા પામી છે.

પાલનપુર નગરપાલિકામાં કોંગ્રેસના બે મહિલા સદસ્યાઓને પક્ષમાંથી છ વર્ષ માટે સસ્પેન્ડ કરી દેવામાં આવતાં ચકચાર મચી જવા પામી છે. આ અંગે પ્રાપ્ત થતી વિગતો મુજબ પાલનપુર નગરપાલિકાના પ્રમુખ- ઉપપ્રમુખની તા. ૧૩ જૂન ૨૦૧૮ની ચૂંટણીમાં કોંગ્રેસના તમામ સદસ્યોને ઉપસ્થિત રહી કોંગ્રેસ દ્વારા જે નામના મેન્ડેડ આપવામાં આવ્યા હોય તેમને મત આપવા માટે વ્હીપ આપવામાં આવ્યો હતો. જોકે, તે વખતે કોંગ્રેસના શહેરના વોર્ડ નં. ૧૧માં ચૂંટાઈ આવેલા મંજુબેન ભરતભાઈ પટણી અને વોર્ડ નં. ૪માં ચૂંટાયેલા ગુલશનબેન એહમદભાઈ ચૂનારા ગેરહાજર રહી પક્ષના આદેશ વિરૂધ્ધ વર્તન કર્યુ હતુ. જેને ગંભીર ગેરશિસ્ત ગણી ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમીત ચાવડાની સૂચનાથી ચૂંટણી સંકલન સમિતિના ચેરમેન બાલુભાઈ પટેલ દ્વારા બંને સદસ્યાઓને પક્ષમાંથી છ વર્ષ માટે સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા હોવાનું પાલનપુર શહેર કોંગ્રેસ પ્રમુખ સુરેશચંદ્ર એચ. પટેલે જણાવ્યું હતુ. પક્ષના આ નિર્ણયથી કોંગી કાર્યકરોમાં ભારે ચકચાર મચી જવા પામી છે.

મેઘરજમાં જૈન સમાજ દ્વારા નિઃશુલ્ક અમૃતપેય ઉકાળાનુ આયોજન

અરવલ્લી જીલ્લા સહીત મેઘરજ પંથકમાં સ્વાઇનફ્લુ અને ડેન્ગ્યુ સહીત વાઈરલ બીમારીમાં મોટા પ્રમાણમાં સપડાતા પ્રજાજનો ભારે ફફડાટ ફેલાયો છે. બુધવારે મેઘરજમાં જૈન સમાજ દ્વારા સ્વાઇનફ્લુ અને ડેન્ગ્યુ રોગ સામે રક્ષણ મળી રહે અને પ્રજાજનોની રોગપ્રતિકાર શક્તિમાં વધારો થાય તેવા ઉમદા હેતુથી જીલ્લા આયુર્વેદિક શાખાના સહયોગથી ૬૦ લીટર અમૃતપેય ઉકાળાનું વિતરણ કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં પ્રજાજનોએ નિઃશુલ્ક ઉકાળાનો લાભ લીધો હતો.

અંબાજી મંદિરમાં ઘટ સ્થાપન વિધિ યોજાઈ

શકિત, ભકિત અને આસ્થાનો ત્રિવેણી સંગમ એટલે શકિતપીઠ અંબાજી અરાવલી પહાડો મા આવેલું માં જગતજનની નું આદ્યશકિતપીઠ ધામ તરીકે ભારતભર મા જાણીતુ છે ,અંબાજી ધામ આસપાસ રાજસ્થાન સરહદ આવેલી છે અને આ ધામ પાસે થી જ સરસ્વતી નદી નીકળે છે અંબાજી મંદિર પર ૩૫૮ સુવર્ણ કળશ લાગેલા હોઈ આ મંદિર દેશભર મા ગોલ્ડન ટેમ્પલ તરીકે જાણીતું બન્યુ છે અંબાજી મંદિર મા આજ થી આસો નવરાત્રી નો પ્રારંભ થઇ રહ્યો છે ત્યારે આજે આસો નવરાત્રી ના પ્રથમ દિવસે અંબાજી મંદિર મા આજે ઝવેરા વિધિ અને ઘટ સ્થાપન વિધિ શાસ્ત્રોકત વિધિવિધાન થી યોજાઈ હતી આજે અંબાજી મંદિર માં ભકતો ની ભારે ભીડ પણ જોવા મળી હતી.

આજે સવારે અંબાજી મંદિર માં માતાજી ના વાઘ પાસે ભટ્ટજી મહારાજ અને દેવસ્થાન ટ્રસ્ટ તરફથી માતાજી ના ઝવેરા અને ઘટ સ્થાપન વિધિ યોજાઈ હતી ,કોટેશ્વર નદી નું જળ લાવી વિધિ વિધાન થી આ વિધિ સારા મુર્હત માં કરવામાં આવી હતી , આજે આખું અંબાજી મંદિર માઈ ભકતો થી ઉભરાતું જોવા મળ્યું હતુ ,આજે આસો માસ ના પ્રથમ નોરતે અંબાજી મંદિર ને ફૂલો થી શણગારવામાં આવ્યું હતું અને આજે ઘટ સ્થાપન વિધિ માં અંબાજી મંદિર ના વહીવટદાર એસ જે ચાવડા બેઠા હતા સાથે વિદ્વાન પંડિતો દ્વારા આજે વિધિ વિધાન થી ઝવેરા નું સ્થાપન કરવામાં આવ્યુ હતુ, ત્યારબાદ માતાજી ની આરતી કરવામાં આવી હતી ,અંબાજી મંદિર માં આઠમ બપોર સુધી આ ઝવેરા અને ઘટ સ્થાપન ની વિધિ અને પુજા અંબાજી મંદિર ના ભટ્ટજી મહારાજ દ્વારા કરવામાં આવશે, આજે અંબાજી મંદિર ના વહીવટદાર એસ જે ચાવડા ,બાંધકામ શાખા ના ઇંજિનિયર જી એલ પટેલ, આર કે મેવાડા, સતીષ ગઢવી, હરદાસ પરમાર અને ભટ્ટજી મહારાજ અને તેમના અનુયાયીઓ જોડાયા હતા.

ધાનેરા અંબાજી મંદિરના ચોકમાં માતાજીની પધરામણી કરી નવરાત્રી મહોત્સવ ખુલ્લો મુકાયો

નવલા નોરતા ની આજથી શરૂઆત થઈ ગઈ છે ત્યારે ખેલૈયાઓ ના પગ પણ ગરબે રમવા માટે જજુમી રહ્યા છે ત્યારે તમામ ગરબાના આયોજક દ્વારા ગરબા ની તૈયારીઓ ને આખરી ઓપ આપી દેવામાં આવ્યો અને ધાનેરા અંબાજી મંદિર ના ચોક માતાજી ની પધરામણી કરી નવરાત્રી મહોત્સવ ખુલ્લો મુક્યો છે. ધાનેરામાં અંબાજી મંદિર ખાતે દર વર્ષ ની જેમ આ વર્ષે પણ અંબાજી યુવક મંડળ તેમજ જયેશભાઈ સોલંકી ધ્વરા ગરબાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે ત્યારે આજે અંબાજી માં ધાનેરા નગરપાલિકા પ્રમુખ બળવંતભાઈ બારોટ ધાનેરા ના પૂર્વ ધારાસભ્ય જોઈતાભાઈ પટેલ તેમજ ગરબાના આયોજક જયેશભાઇ સોલંકી સહીત મોટી સંખ્યા માં લોકો હાજર રહ્યા હતા અને માતાજી ની પૂજા અર્ચના કરી માતાજી ની ગરબા ચોક માં સ્થાપના કરી નવરાત્રી મહોત્સવ ને ખુલ્લો મુક્યો હતો.

ગરબા સ્થળો પર વધુ મહિલા પોલીસ કર્મચારીઓ ગોઠવાઈ

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર-અમદાવાદ શહેરમાં નવ દિવસના નવરાત્રી મહોત્સવની આજે પરંપરાગત રીતે શરૂઆત થઈ હતી. ઘરમાં અને જુદી જુદી સોસાયટીઓમાં, પોળમાં પણ માતાજીની સ્થાપના કરવામાં આવી હતી.

બીજી બાજુ અમદાવાદ શહેર પોલીસે પણ તકેદારી રાખવા માટે તમામ પગલાં લીધા છે. શહેર પોલીસે તમામ રેન્કના અધિકારીઓને દશેરા સુધી ઉપલબ્ધ રહેવા માટે કહેવામાં આવ્યું છે. તાજેતરમાં જ પાકિસ્તાન સાથે સંબંધો વણસી ગયા બાદ સાવચેતી રાખવામાં આવી રહી છે. શહેર પોલીસના અધિકારીઓએ કહ્યું છે કે તેમનો મુખ્ય ઉદ્દેશ્ય ગરબાના સ્થળોની બહાર મોટી સંખ્યામાં ટોળા એકત્રિત ન થાય તે જોવાનો રહેશે.

સાથે સાથે ઈમરજન્સીના કેસમાં બિનજરૂરી ટ્રાફિક ન નડે તેનો પણ હેતુ રાખવામાં આવ્યો છે. દર વર્ષે મહિલાઓની સુરક્ષા માટે પણ વિશેષ પગલાં લેવામાં આવે છે. આ વખતે સ્થળો ઉપર વધુ મહિલા પોલીસ કર્મચારીઓને તૈનાત રાખવામાં આવી છે. સુરક્ષાની બાબતને ધ્યાનમાં લઈને ખાસ ટીમો તમામ મોટા સ્થળો ઉપર તપાસ કરશે. કાર્યક્રમ પહેલા અને બાદમાં ચકાસણીની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. ઓન રોડ પાર્કિંગ અને ટ્રાફિક જામની સ્થિતિને રોકવા માટે પણ વિવિધ પગલાં લેવાયા છે. જેમાં સ્થાનિક પોલીસ ટ્રાફિક પોલીસની સાથે જોડાઈ છે. ગરબાની પૂર્ણાહુતિ વેળા અંધાધૂંધી ન સર્જાય તે માટે પણ પગલાં લેવાયા છે. મહિલા પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓ તમામ મોટા સ્થળ પર ગોઠવાયા છે.

પોલીસ કંટ્રોલ રૂમ, વેન અને ક્વીક રિસ્પોન્સ ટીમો પણ મોડી રાત સુધી અને વહેલી સવાર સુધી પેટ્રોલીગ ઉપર રહેશે. જજીસ બંગલા ક્રોસ રોડથી પકવાન ચાર રસ્તા સુધીના માર્ગો વન વે રહેશે. ટ્રાફિક એસજી રોડથી ડાયવર્ટ કરવામાં આવશે. આ ગાળો રાત્રે આઠ વાગ્યાથી લઈને વહેલી પરોઢ બે વાગ્યા વચ્ચેનો રહેશે. નહેરૂનગરથી ઈસ્કોન ચાર રસ્તાને નો પાર્કિંગ ઝોન જાહેર કરી સુવિધા વધારવામાં આવી છે.

મોડાસા ભાટિયા સમાજ મોડાસાએ યોજેલ ડીવાયએસપીનો સન્માન સમારંભ

મોડાસા ભાટીયા સમાજ મોડાસાએ મોડાસા ટાઉનના એસઓજી પીઆઈ દીપકભાઈ આર ભાટિયાને ડી.વાય.એસ.પી.નું આણંદ ખાતે પ્રમોશન મળતા ખુશીની લાગણી વ્યક્ત કરી તેમનો સન્માન સમારોહ જેસીસ હોલ મોડાસામાં યોજેલ. જેમાં સ્વાગત પ્રવચન ભુપેન્દ્રભાઈ ભાટિયાએ કરેલ તથા કાર્યક્રમની રૂપરેખા ધનંજયભાઈએ આપેલ. આ કાર્યક્રમને સફળ બનાવવા સમાજના મંત્રી અજયભાઈ તથા ગામના યુવાનો તથા મહિલાઓએ મોટી સંખ્યામાં હાજર રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

લાગણીનો મેળો ● ચોથા પાનાનું ચાલું

નથી ત્યાં મદદરુપ થયા છીએ ખરાં ? આવી ઘટનાઓ આપણા જીવનમાં બની છે ખરી? પશુઓ પોતાના માટે જીવતા હોય છે. પારકા માટે જીવવામાં માનવ્યની ખરી શોભા સમાયેલી છે. જિંદગીની તેજ રફતારમાં પરમાર્થના પારસ બની ઝબકી જવાનું છે. એક તેજ લિસોટો સંસાર પર પર મૂકી જવાનો છે. પુષ્પ બની મહેંકી જવાનું છે... ધૂપસળી બની સુગંધ રેલાવી જવાની છે... સુખડ બની ઓરસીયે ઘસાઈને મઘમઘી જવાનું છે.

હું સુખચેનથી જીવ્યો કો'ક બીજાને કારણે... હું એવું કંઈક કરું જેથી બીજા સુખચેનથી જીવી જાય મારા કારણે... પૃથઅવી પરના ઋણને યથાશક્તિ ફેડી જવામાં જ પુરુષાર્થ ને - પરાક્રમ છુપાયેલું છે.

મિત્રો, પંડમાંથી બહાર નીકળી જરા જોવાનું શીખીએ... ઘણીવાર તો લાગે છે કે આપણે જીવીએ છીએ શા માટે ? બસ... નિરુદ્દેશે જ જીવી જવાનું...!!

દોસ્તો, એકવાર કવિ ઉમાશંકર જોષીને તેમના કવિ મિત્રએ એક પ્રશ્ન કર્યો, 'તમે જીવનમાં શું કર્યું ?' ઉમાશંકર ભાઈએ ખૂબ જ સહજતાથી જવાબ આપ્યો,' મનગમતા અને જરૂરી કામો કરવામાં જતા ઘસી નાખી.'

જગત ઝંઝાળી ઝાળાના આટાપાટામાંથી જરા બહાર નીકળી જિંદગીની ઉચ્ચત્તમ બાજુનો જરા વિચાર કરવો રહ્યો. આપણે પણ લૌકિક વ્યવહારોની વચ્ચે મનગમતી - ને - જરૂરી કામોને સૌથી વધુ મહત્ત્વ આપતાં શીખીએ. એક સત્ય એ છે કે મિત્રો કે જગતને જોવા અને સમજવા આંખ ખુલ્લી રાખવી પડે પણ જાતને જોવા - સમજવા તો આંખ બંધ કરવી પડે... જરા... એક ક્ષણ જાત તરફ...!!

સ્પર્શમણિ :

હજાર કામ નહીં કરો તો ચાલશે પણ એક કામ એવું કરજો જેનાં માટે દુનિયાએ તમને યાદ કરવા પડે.

જે આવડે છે તેને શ્રેષ્ઠ બનાવવાનો પ્રયત્ન કરો.

●●●

ખોવાયેલ વ્યક્તિ મળી શકે પ... ણ.. બદલાઈ ગયેલી વ્યક્તિ કયારેય મળતી નથી.

- rasikvaland1965@gmail.com
mo. 9913426949

નવરાત મહોત્સવ

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

સ્થાપિત કરવામાં આવી હતી. જેમાં મોટી સંખ્યામાં ભાવિકો જોડાયા હતા. રાત્રિના આરતી બાદ ગરબાની રમઝટ જામી હતી. આ ઉપરાંત લાયન્સ લાયોનેસ કલબ આયોજિત ગરબા મહોત્સવમાં પણ નોરતાના પ્રથમ દિવસથી ગરબા પ્રેમીઓ ગરબાની રંગતમાં જોડાયા હતા. નવલા નોરતાના પ્રારંભિક તબક્કાથી જ માંઇભકતો માતાજીની ભકિત આરાધનામાં તરબોળ થઇ ગયા હતા. ચપટી , ઠેસ અને તાળી સાથે માતાજીની ભકિત આરાધનાના માહોલ વચ્ચે શહેરમાં નવરાત મહોત્સવનો ધમાકેદાર પ્રારંભ થયો હતો.

રોષ

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

વેપારીઓ દ્વારા આ બન્ને સંકુલોની આસપાસ ૧ ફુટનું પણ ગેરકાયદે દબાણ નથી. સે. ૧૧ના કોઈજ ગેરકાયદે દબાણો આજે પણ હટાવાયા નથી.

વેપારીઓએ તેમની સમક્ષ એવી રજુઆત પણ કરી છે કે દબાણ તંત્ર દ્વારા અન્ય કોમ્પલેક્ષમાં હેતુફેર કરી આપવામાં આવેલ છે તો આ બે કોમ્પલેક્ષમાં કેમ તેમ નથી કરાયું.

તેમણે વેપારીઓની લાગણી અને શહેરના વાણિજ્યના હિતમાં સાનુકૂળ પ્રતિસાદ આપવા પણ આ પત્રમાં જણાવ્યુ છે.

બોનસ

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

પીએમઓ દ્વારા આ પ્રોજેક્ટો પૈકી ૧૪ પ્રોજેક્ટો ઉપર નજર રાખવામાં આવશે. આ પ્રોજેક્ટો ૨૦૨૦થથી લઈને ૨૦૨૨ સુધી પૂર્ણ કરવામાં આવશે. આ પ્રોજેક્ટો ૯૨૫૯ કિલોમીટરને આવરી લેશે. આ પૈકીની ૧૫ને લંબાવવામાં આવનાર છે. ૬૪૪૫ કિલોમીટરના પ્રોજેક્ટો ડબલિંગ અને ત્રિપલિંગના છે. કેટલાક રુટ ઉપર ફોર લાઈન, ગેજ રૂપાંતરણની પ્રક્રિયા પણ હાથ ધરવામાં આવનાર છે. કેન્દ્રીય કેબિનેટે એકબાજુ પ્રોડક્ટીવિટી લિંક બોનસની જાહેરાત કરી દીધી છે. આ ચુકવણી લાયક ઉમેદવારોને આપવામાં આવશે. મળેલી માહિતી મુજબ નોનગેજેટ રેલવે કર્મચારીઓને બોનસની રકમ ચુકવવામાં આવશે. ૭૦૦૦ રૂપિયા મહિને જે લોકોના પગાર છે તેમને આ ચુકવણી કરવામાં આવશે. બીજી બાજુ કેન્દ્રીય કેબિનેટની બેઠકમાં અન્ય કેટલાક મહત્વપૂર્ણ નિર્ણય પણ લેવામાં આવ્યા હતા જેના ભાગરુપે સમગ્ર પ્રક્રિયાને વધુ ઝડપથી આગળ વધારી શકાશે. એકબાજુ કેબિનેટે પગારને મંજુરી આપી છે. બીજી બાજુ એર ઇન્ડિયાને મદદરુપ બનવા માટે પણ તૈયારી કરી છે.

માહિતી આપો

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

ચીફ જસ્ટીસ રંજન ગોગોઇ, જસ્ટીસ એસકે કૌલ અને જસ્ટીસ કેએમ જોસેફની બેંચે સ્પષ્ટતા કરતા કહ્યુ હતુ કે તે ડિફેન્સ ડીલના સંબંધમાં રાફેલ વિમાનોને લઈને કોઈ અભિપ્રાય આપી રહ્યા નથી. અમે સરકારને કોઈ નોટીસ જારી કરી રહ્યા નથી. અમે માત્ર નિર્ણય લેવાની પ્રક્રિયાની કાયદેસરતાથી સંતુષ્ટ થવા માટે ઈચ્છુક છીએ. બેંચે કહ્યુ તે રાફેલ ડીલની ટેકનિક ડીટેલ્સ અને કિંમતના સંબંધમાં માહિત મેળવ લેવા માટે ઈચ્છુક નથી. સુપ્રીમ કોર્ટનો આ આદેશ એવા સમય પર આવ્યો છે જ્યારે સંરક્ષણ પ્રધાન નિર્મલા સીતારામણ ત્રણ દિવસના પ્રવાસે રાત્રે ફ્રાન્સ રવાના થયા છે. તેમની આ યાત્રા ફ્રાન્સીસી કંપની દેશો એવિએશનથી ૩૬ રાફેલ વિમાનોની ખરીદીને લઈને થયેલા વિવાદ વચ્ચે આવી છે.

સુત્રોએ કહ્યુ છે કે સીતારામણ જુદા જુદા પાસા પર વિચારણા કરી રહી છે. ૫૮૦૦૦ કરોડ રૂપિયાના સોદા હેઠળ ભારતીય હવાઈ દળ ફ્રાન્સ પાસેથી ૩૬ રાફેલ જેટ ખરીદનાર છે. ૨૩મી સપ્ટેમ્બર ૨૦૧૬ના દિવસે અંતિમ સોદાબાજી થઈ હતી. કેન્દ્ર સરકારે રાફેલ ડિલ ઉપર દાખલ કરેલી અરજીઓને રદ કરવાની માંગ કરી હતી. કેન્દ્ર સરકારે દલીલ કરી હતી કે, રાજકીય લાભ ઉઠાવવાના હેતુસર રાફેલ ઉપર આ પ્રકારની અરજીઓ કરવામાં આવી હતી. એટર્ની જનરલે કોર્ટ સમક્ષ કહ્યું હતું કે, રાફેલ સોદાબાજી રાષ્ટ્રીય સુરક્ષા સાથે જોડાયેલો મામલો છે. આવા મુદ્દાઓની ન્યાયિક સમીક્ષા કરી શકાય તેમ નથી.

તેમણે કહ્યું હતું કે, કોંગ્રેસી નેતા અને આરટીઆઈ કાર્યકર તહસીન પુનાવાલાએ રાફેલ સોદાના સંદર્ભમાં દાખલ કરવામાં આવેલી પોતાની જાહેરહિતની અરજી પરત લઈ લીધી છે. પીઠે રાફેલ સોદાને લઈને દાખલ કરવામાં આવેલી શ્રેણીબદ્ધ અરજીઓ ઉપર સુનાવણી હાથ ધરી હતી. કોંગ્રેસે આ સોદાબાજીના મામલામાં અનિયમિતતાનો આક્ષેપ કરીને કહ્યું છે કે, કેન્દ્ર સરકાર આ સોદાબાજીને લઈને માહિતી છુપાવી રહી છે. મુખ્ય વિરોધ પક્ષનો આક્ષેપ છે કે, સરકાર ૧૬૭૦ કરોડ રૂપિયા પ્રતિની દ્રષ્ટિએ રાફેલ વિમાન ખરીદવા તૈયાર છે જ્યારે અગાઉની યુપીએ સરકાર આ વિમાન ૫૨૬ કરોડ રૂપિયામાં ખરીદવા માટે તૈયાર હતી.

ખડી પડી

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

તરત જ સ્થળ પર પહોંચી ગયા હતા અને બચાવ અને રાહત કામગીરીમાં જોડાયા હતા. આ ટ્રેન માલદાથી રાયબરેલી થઈને દિલ્હી જઈ રહી હતી. ઉત્તરપ્રદેશના મુખ્યપ્રધાન યોગી આદિત્યનાથે દુર્ઘટના અંગે દુખ વ્યક્ત કરીને તપાસના આદેશ જારી કર્યા છે. સાથે સાથે બચાવ અને રાહત કામગીરીને ઝડપી કરવા માટે પણ આદેશ જારી કર્યા છે. રાયબરેલીમાં ટ્રેન અકસ્માતના મામલે મૃતકોના પરિવારના સભ્યોને વળતર આપવાની પણ જાહેરાત કરવામાં આવી છે.

યોગી આદિત્યનાથે કહ્યુ છે કે મૃતકોના પરિવારના સભ્યોને બે બે લાખ રૂપિયા આપવામાં આવનાર છે. ગંભીર રીતે ઘાયલ થયેલા લોકોના પરિવારને ૫૦ હજાર રૂપિયા આપવાની જાહેરાત કરવામાં આવી છે. લખનૌ અને વારાણસીથી એનડીઆરએફની ટીમ પણ પહોંચી ચુકી છે. સ્થાનિક પોલીસ અને એમ્બુલન્સ પણ પહોંચી ચુકી છે. રેલવે બોર્ડના ચેરમેન અશ્વિની લોહાની પણ ઘટનાસ્થળે

જવા માટે રવાના થયા છે.દેશના નિયમત ગાળામાં ટ્રેન અકસ્માતો થતા રહે છે. હાલના વર્ષોમાં અનેક મોટી ટ્રેન દુર્ઘટના થઈ ચુકી છે. ભારતમાં મોટી સંખ્યામાં લોકો દરરોજ ટ્રેનમાં મુસાફરી કરે છે. ટ્રેનમાં સુવિધાને સુધારી દેવાના પ્રયાસો મોટા પાયે કરવામાં આવ્યા છે અને તેનો લાભ પણ યાત્રીઓને થઈ રહ્યો છે પરંતુ આગામી દિવસોમાં હજુ પણ વધારે ધ્યાન આપવાની જરૂર છે. કારણ કે ટ્રેનના ટ્રેકના સંબંધમાં હમેંશા પ્રશ્નો થતા રહે છે.